મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠંડીની સાથે ચાની ચૂસ્કીઓ વધી

વહેલી સવારથી લઈ રાત્રી દરમ્યાન ચાની કીટલીઓ અને ચાની દુકાનોમાં ચાના શોખીનોનો ધસારો વધ્યો

ગાંધીનગર, તા.૮

શિયાળાની મોસમ શરૂ થઈ ચુકી છે. સવારે અને રાત્રે શહેરીજનોને ઠંડીનો અનુભવ થઈ રહયો છે. આમ તો શિયાળામાં ઘણી બધી ખાણીપીણી ફેમસ છે. પરંતુ ચા સૌની વધુ પીવાતી હોય તો તે છે. શિયાળામાં જે લોકો સામાન્ય દિવસોમાં બે વખત ચાની ચુસ્કી મારતા હોય છે તે શિયાળાના દિવસોમાં પાંચથી છ વખત ચાની ચુસ્કી તો મારી જ લે છે.

શિયાળાની ઠંડીની સાથેસાથે શહેરમાં ગરમાગરમ ચાની ચુસ્કી માટે લોકોનો ધસારો વધ્યો છે. શહેરમાં ચાની કીટલીઓ પર વહેલી સવારથી જ ચાની ડીમાન્ડ શરૂ થઈ ગઈ છે. શિયાળામાં ચાની ચુસ્કીથી દિવસની શરૂઆત થાય છે અને ચાની ચુસ્કી સાથે દીવસ ખતમ થાય છે. શહેરીજનો રાત્રી દરમ્યાન પણ ચાની દુકાનો પર અડ્ડો જમાવીને બેસે છે અને મિત્રો સાથે ગપ્પા મારતાં હોય છે. હાલમાં શિયાળાના દિવસો નિમિત્તે સરકારી ઓફીસોમાં પણ ચાની ડીમાન્ડ વધી રહી છે. ચાની વાત આવે એટલે મોટાભાગના લોકોને પોતાના મનપસંદ જગ્યાની ચા યાદ આવી જાય છે. પાટનગરમાં તો હાલમાં ઠેકઠેકાણે ચાની કીટલી અને દુકાનો ઉપલબ્ધ છે. જેમાં ચામાં પણ ઘણી બધી વેરાઈટીઓ જોવા મળે છે. આદુવાળી, ફુદીનાવાળી, ઈલાયચીવાળી, કુલ્ડહચા, તુલસીવાળી, બ્લેકટી, ગ્રીન ટી વગેરે.

ચા પીવી મોટા ભાગના લોકોને ખુબજ પસંદ હોય છે. કેટલાક લોકોતે જો સવારે આંખ ખુલતાં જ ચા ન મળે તો આખો દીવસ આળસમાં પસાર થાય છે. આટલું જ નહીં ઓફીસના કામ વચ્ચે ચા વ્યક્તિના મગજને તાજગીભર્યુ રાખે છે. પહેલા લોકો બ્લેકટી, દુધવાળી ચા જ પીતા હતા પરંતુ સમયની સાથે ચા કેટલાય પ્રકારની બનતી થઈ છે. ચામાં અનેક વેરાઈટીઓ આવી ગઈ છે પરંતુ આદુવાળી ચા સૌ કોઈની પ્રિય રહી છે. વચ્ચે ખેતલાઆપા ટી સ્ટોલમાં ચા માટે ઘણો ધસારો રહયો હતો. જેની ચા ખુબજ વખણાઈ હતી. ત્યારે હાલમાં શહેરમાં ચાઈજી, ટીલોજી, ચાયસાય, અપના અડ્ડા, ખોડીયાર ટી સ્ટોલ, ચામુંડા ટી સ્ટોલ, બાબારી ટી સ્ટોલ, શિવશક્તિ ટી સ્ટોલની બોલબાલા વધારે છે. શિયાળામાં શરીરને ગરમ રાખવા માટે ગરમાગરમ ચાની ચુસ્કી વધુ પીવાય છે. ઠંડા વાતાવરણમાં ચા એક ઉત્તમ માધ્યમ છે.

એનર્જી બુસ્ટર

ચામાં મસાલા ઉમેરવાથી માત્ર આકર્ષક સુગંધ જ નથી મળતી પણ તે ઉર્જા મેળવવામાં પણ મદદ કરે છે. તે પાચન માટે ફાયદાકારક છે અને ઝેરી તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. તેનાથી એનર્જી લેવલ પણ વધે છે આ સાથે અનેક ફાયદા પણ થાય છે.

ઈમ્યુનિટી માટે ફાયદાકારક

ચામાં જાયફળ, તજ, એલચી અથવા આદુ જેવા મસાલા અને ઔષધો ઉમેરવાથી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ મળી શકે છે. તે ફલુ, તાવ, મોસમી એલર્જીને દુર કરે છે. મસાલામાં એન્ટી ઓક્સિડન્ટની હાજરી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

જન્મદિને વધામણી

હાર્દિક બી.જોષી

અંબાલાલ સોમાભાઈ પરમાર

જશીબેન અંબાલાલ પરમાર

પોદાર જમ્બો કિડ્સ ખાતે "અન-હેલોવીન કાર્નિવલ''ની ઉજવણી

ગાંધીનગર, તા.૭

પોદાર જમ્બો કિડ્સમાં ભણાવવું અને શીખવું એ માત્ર વર્ગખંડ પૂરતું મર્યાદિત નથી, પરંતુ બાળક વિશ્વભરની વિવિધ પ્રવૃત્તિઓ અને તહેવારોથી પરિચિત થાય છે. પોદાર જમ્બો કિડ્સ ગાંધીનગર દ્વારા અનોખા કાર્યક્રમ ''અન-હેલોવીન કાર્નિવલ''ની ઉજવણી કરવામાં આવી છે. કાર્નિવલનો વિચાર માત્ર મજા કરવાનો ન હતો પરંતુ તે બાળકોને તેમના ડરને દૂર કરવા અને મનોરંજક રમતો અને પ્રવૃત્તિઓ સાથે પડછાયાઓ, કરોળિયા અને વિલક્ષણ કોલીઝ વિશે સમજવા માટેનો હતો.જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

કલોલ લિંબચમાતાજી મંદિર ખાતે અન્નકૂટ યોજાયો હતો જેમાં ભગવાનને વિવિધ પ્રકારના નાસ્તાઓ અને મિષ્ટાન્ન ધરાવાયા હતા.



લિંબચ માતાજી મંદિર સે -૧૩ ખાતે અન્નકૂટ યોજાયો હતો. રાજેન્દ્ર પારેખે દર્શનનો લાભ લીધો હતો.

કાશ્મીરથી કન્યાકુમારી નીકળેલા સ્કેટર્સ પ્રવાસીઓ ગાંધીનગરના આંગણે

ગાંધીનગર, તા.૭

સોમવારના રોજ એક ભારત શ્રેષ્ઠ ભારતના બેનર હેઠળ, અતુલ્ય ભારત રોલર સ્કેટિંગ યાત્રાનો પડાવ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો હતો. આ યાત્રા કાશ્મીરથી કન્યાકુમારીની યાત્રા લગભગ ૫૦૦૦ કિલોમીટરની છે જે અનંતનાગ કાશ્મીરથી તારીખ ૨૭/૯/૨૨ના રોજ શરૂ થઈ કુજીથીરાઈ કન્યાકુમારીમાં તારીખ ૨૫/૧૨/૨૦૨૨ ના રોજ પૂર્ણ થશે. યાત્રા લગભગ ૨૦૦૦ કીમી પુરી કરી આજે સહભાગીઓ ગાંધીનગર ખાતે પહોંચેલ ત્યાં અખિલ ભારતીય ગ્રાહક પંચાયત તથા રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના સ્વયંસેવકોએ તેમનું ઉત્સાહવર્ધન કરી સ્વાગત કરેલ છે તથા તેમની રોકાણની અને જમવાની વ્યવસ્થા સેક્ટર ૨માં સ્વામિનારાયણ મંદિર ખાતે કરાઈ હતી. બહુમાન કાર્યક્રમમાં મુખ્ય વ્યવસ્થા અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના અને આરએસએસના કાર્યકર્તાઓએ સંભાળી હતી. જેમાં મુખ્ય રૂપે વસંતભાઈ પટેલ પ્રાંત અધિકારી તથા શંભુભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, જીગ્નેશભાઈ જોશી, જીતુભાઈ પટેલ, સુરેશભાઈ થાનકી, ભાયાભાઈ સુત્રેજા, ભીષ્મ તેવાની, દિલીપભાઈ પટેલ, દેવભાઈ જાની, હસુભાઈ પટેલ વગેરે કાર્યકર્તાઓ જોડાયા હતા.

કડવા પાટીદાર સમાજ દ્વારા અન્નકૂટ દર્શન અને રંગોળી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૮

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન,ગાંધીનગર ખાતે આશરે ૧૦૦ ઉમા ભક્તો દ્વારા ઘરેથી બનાવીને લાવેલ પ્રસાદનો અન્નકૂટ ભરવામાં આવ્યો હતો અને અન્નકૂટના દર્શનનો લાભ સર્વે ભક્તોએ લીધો હતો. ઉમિયા માતાજી સંસ્થાન ખાતે રંગોળી સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવ્યું હતુ.રંગોળી સ્પર્ધામાં વય જૂથ -૧ માં ભાગ લીધો હતો. સ્પર્ધો પૈકી પ્રથમ ક્રમે કુમારી પ્રાયુષી ધર્મેંદ્રભાઇ પટેલ અને વય જૂથ-૨માં પ્રથમ ક્રમે-સ્વાતિ કિશોરભાઇ પટેલ અને બીજા ક્રમે નિરાલી મુકેશભાઇ પટેલ વિજેતા જાહેર થયા હતા.

સે-૨૪ આર્ય સમાજ પાસે નેચર ફર્સ્ટ કાર્યક્રમ અંતર્ગત કોટન બેગનું વિતરણ

ગાંધીનગર, તા.૮

નેચર ફર્સ્ટ દ્વારા સતત ૬૬માં સપ્તાહે શનિવારે તા:- ૦૫/૧૧/૨૦૨૨ના રોજ આર્યસમાજ સેકટર:૨૪ પાસે પ્લાસ્ટિક સફાઈનો કાર્યક્રમ કરવામાં આવેલ છે. નેચર ફર્સ્ટના નારણભાઈ પી. પટેલ, પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અને ટીમના સૌએ ઉપસ્થિત રહી અભિયાનમાં ભાગ લીધો હતો. નારણભાઈ પી. પટેલે લોકોમાં જાગૃતિ આવે તે માટે કોટન બેગ તૈયાર કરી અલગ-અલગ સ્થળોએ વિતરણ કરવાનું જણાવ્યું હતું. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવેલ કે આ પ્રતિકાત્મક અભિગમથી લોકો જાગૃત્ત થઈ પ્લાસિટ્ક એવી વસ્તુ છે કે વર્ષો વર્ષ પ્રદૂષણ ફેલાવે છે. અને તેનો નાશ કરી શકાતો નથી. હવામાન પ્રદૂષિત થાય છે. ઘણાં બધા રોગોનું જળમૂળ છે. માટે સરકારી રીતે અને પ્રજામાં જનજાગૃતિ ફેલાય તો જ આવી અસર થશે. પૃથ્વી પર પ્રદૂષણ વધતું જાય છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ડોડીયા પુષ્પાબેન બાબુભાઈ** ઉ.વ.૬૪, સેકટર-૧૪
- **સ્વ.ઠાકોર રામાજી ભવાનજી** ઉ.વ.૯૨, ધેધુ, માણસા
- **સ્વ.શાહ જગદીશભાઈ ચંદુલાલ** ઉ.વ.૫૯, પેથાપુર
- **સ્વ.ગીલ હરભજનકૌર સેવાસિંહ** ઉ.વ.૭૭, સેકટર-૨૬

● રૂદ્રભૂમિ ●

- **સ્વ.જોશી નરેશચંદ્ર રણછોડભાઈ** ઉ.વ.૬૩, સરગાસણ
- **સ્વ.જયસ્વાલ જશવંતકુમાર ચુનીલાલ** ઉ.વ.૬૨, ધોળાકુવા

એક મેસેજથી બેંકમાં રહેલા પૈસા ઉપડી જશે!

વીજબીલ બાકી છેનો મેસેજ આવે તો સાવધાન

સોશ્યલ મીડીયાના માધ્યમથી નિર્દોષ લોકો છેતરપીંડીનો ભોગ ના બને તે માટે પોલીસ આવા મેસેજથી સાવધાન રહેવા લોકોને અપીલ કરી છે, આ સાથે લોકોને પણ જાગૃત બનવા માટે કહે છે

સોશિયલ મીડિયાના ઉપયોગે આપણુ જીવન તો સરળ બનાવી દીધું છે. પણ આ જ સોશિયલ મીડિયાનો કેટલાક લોકો ગેરલાભ ઉઠાવીને આપણી સાથે છેતરપિંડી કરે છે.આ લોકોના કારણે નિર્દોષ લોકો ભોગ બને છે.અત્યારે સાઈબર માફિયાઓ PGVCL અને અલગ અલગ મોટી કંપનીઓના નામ આપીને આપણી સાથે છેતરપીંડિ કરે છે.ત્યારે PGVCL, સાઈબર ક્રાઈમ અને પોલીસ આવા મેસેજથી સાવધાન રહેવા લોકોને અપીલ કરી છે.આ સાથે જ લોકોને પણ જાગૃત બનવા માટે કહે છે. એવામાં રાજકોટમાં અત્યારે PGVCLના કર્મચારી હોવાનું કહીને મોટા મોટા ફોડ કરવામાં આવી રહ્યા છે.જેની પોલીસ ફરિયાદ પણ પોલીસ ચોપડે નોંધાઈ છે.સાઈબર માફિયાઓ પોતે પીજીવીસીએલના કર્મચારી હોવાનું કહીને બાકી બિલ ભરવાનું કહીને લીંક મોકલે છે અને પોતાના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવી લે છે. આ માફિયાઓ લોકોને 'ડીઅર કસ્ટમર તમારું વીજ કનેક્શન બાકી છે તેથી તમારું વીજ કનેક્શન કટ થઈ જશે.' આવો મેસેજ કરે છે. બાદમાં ફોન કરીને પણ તમને જાણ કરે છે.. જેથી તમે બિલ ભરી દો.અને બિલ ભરવા માટે લિંક પણ મોકલે છે. રાજકોટ પોલીસના જણાવ્યા મુજબ તેમની પાસે અત્યાર સુધીમાં ૧૦ જેટલી ફરિયાદ નોંધાઈ છે.પોલીસે જણાવ્યું કે તેઓ ફોન કરીને બિલ ભરવા માટે કહે છે અને નહીં ભરો તો વીજ કનેકશન કટ થઈ જશે તેવું કહે છે. જેથી સામેવાળા લોકો ડરી જાય.આ સાથે જ તેઓ PGVCL જેવી જ લીંક મોકલે છે અને દેખાડો એવો જ કરે છે કે તેઓ PGVCLમાંથી છે. જો કે સમગ્ર મામલે PGVCLના MDએ લોકોને સાવધાન રહેવાની અપીલ કરી છે. આમ આપણી આસપાસ વધી રહેલા સાયબર ક્રાઈમના કેસ ખરેખર ચિંતાનો વિષય છે. જો કે સાયબર ક્રાઈમ બ્રાન્ચ આ કેસોમાં ઘણી મદદ કરે છે. પરંતુ કડક નિયમો અને કડક સજાની સાથે લોકોમાં પણ જાગૃતિ હોવી જોઈએ જેથી કરીને તેઓ કોઈની જાળમાં ફસાઈ ન જાય અને પોતાના પૈસાની પોતે જ રક્ષા કરી શકે. સાયબર માફિયાઓ લોકોને ફોન કરીને વીજબીલ પ્રોસેસ થવાનું બાકી છે તેમ કહે છે. ગ્રાહકને એવું કહે છે કે તમે પેમેન્ટ ભલે કર્યું છે પરંતુ તે ઓનલાઈન દેખાડતું નથી. આવુ કહીને તેઓ ટીમ વ્યુઅર એપ ડાઉનલોડ કરવાનું કહે છે. અને તેના મોબાઈલનો કંટ્રોલ લઈ લે છે. બાદમાં ગ્રાહકને ઓનલાઈન પેમેન્ટની ફરજ પાડે છે. સાયબર માફિયાઓ ટીમ વ્યુઅરના પાસવર્ડથી ગ્રાહકની તમામ વિગતો ઠગબાજને મળી જાય છે અને લોકો સાથે છેતરપીંડિ કરે છે.